Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું
અંક ૩-૪
૫ ફેબ્રુઆરી

પોષ—મહા

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૧
ઇ. સ. ૧૯૬૫

चउरंगं द्धुलहं मत्ता, संजमं पडिवज्जिया ।
तवसा धुयकम्मंसे, सिद्धे हवइ सासए ॥ १२ ॥

ઉપર કહ્યા પ્રમાણેનાં એ ચાર અંગોને દુર્લભ માનીને તે અંગો પામ્યા પછી, મનુષ્યે સંયમ માર્ગને સ્વીકારવો જોઇએ. તપ દ્વારા કર્મોને ખંખેરી નાખનારો મનુષ્ય શાશ્વત સિદ્ધ થાય છે.

असंखयं जीविय मा पमायए, जरोवणीयस्स हु नत्थि ताणं ।
एवं विजाणाहि जणे पमत्ते, कं नु विहिंमा अजया गहिन्ति ॥ १ ॥

જીવન તુટ્યા પછી તેનો સંસ્કાર થઇ શકતો નથી અર્થાત તુટવાની અણી ઉપર આવેલું જીવન સંધાતું નથી, માટે એ બાબત પ્રમાદ ન કરો, વૃદ્ધાવસ્થા આવી પહોંચ્યા પછી તેનાથી બચાવ થઇ શકતો નથી. જેઓ સંયમ વગરના છે અને વિવિધ રીતે હિંસા કરનારા છે, તેઓ અંતસમયે કોને શરણે જવાના? પ્રમાદી માણસે આ બધું બરાબર સારી રીતે જાણી લેવું જોઇએ.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | નેમનાથના નવ ભવનું સ્તવન | ( મુનિ ભાસ્કરવિજય ) | ૨૫ |
| ૨ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણકો બીજો-લેખાંક : ૪ | ( સ્વ. મૌક્તિક ) | ૨૬ |
| ૩ | મુક્ત થવાની ઈચ્છા | ( બાલચંદ હિરાચંદ ‘ સાહિત્યચંદ્ર ’ | ૨૯ |
| ૪ | જૈન આગમિક સાહિત્યનો સન્દર્ભગ્રન્થ | ( હીરાલાલ ર. કાપડિયા, એમ. એ. ) | ૩૨ |
| ૫ | સમકિત અને તત્ત્વોની વિચારણા | ( શાહ ચતુર્ભુજ જેચંદ ) | ૩૪ |
| ૬ | દીક્ષિત દેવદત્ત રચિત સમેત શિખર માહાત્મ્ય [હીંદી] | ( અગરચંદ નાહટા ) ટા પેજ | ૩ |


## સમાચાર

**જન્મદિન**—આપણી સભાના પ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શેઠના પોષ વદી ૦)) ને સોમવારના રોજ ઓગણએંશીમાં જન્મદિન પ્રસંગે આપણી સભા ઉપરાંત સમાજની વિવિધ સંસ્થાઓ, સ્નેહીઓ, શુભેચ્છકો તેમજ મિત્રવર્ગ તરફથી હારતોરા એનાયત કરી તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય ઇચ્છવામાં આવ્યું હતું.

**પૂજા ભણાવવામાં આવી**—સ્વ. શ્રીયુત્ કુંવરજીભાઇ આણંદજીની વીસમી પુણ્યતિથિ નિમિત્તે પોષ શુદિ ૧૧ ને ગુરૂવારના રોજ સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી શ્રીપાર્શ્વનાથ પંચકલ્યાણની પૂજા ભણાવવામાં આવી હતી. જે સમયે સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય ગૃહસ્થોએ પણ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

( ટાઈટલ પેજ ૪ થી શરૂ )

(૩) બાળબ્રહ્મચારિણી વિદુષી લીલાવંતીબાઇ મહાસતીજીએ રાજકોટ ચાતુર્માસ-સં. ૨૦૨૦ માં આપેલ વ્યાખ્યાનો **“ શ્રી મૃગાપુત્રનો અધિકાર ” ભાગ પહેલો. પ્રાપ્તિસ્થાનઃ-શ્રી શામજી વેલજી વીરાણી. સ્થાનકવાસી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, ‘વીરાણી વિલા’ દીવાનપરા, રાજકોટ. કિં. રૂા. ૨-૦૦**

પૂજ્ય મહાસતીજીના વ્યાખ્યાનો ઉપર ટપકે પણ વાંચનારને એક વાત સ્પષ્ટ જણાશે કે તેમની વ્યાખ્યાનશૈલીમાં માત્ર ગતાનુગતિક, પુરાણી પદ્ધતિ પ્રમાણે વ્યાખ્યાન પ્રરૂપણા નથી, પણ આગમ પ્રરૂપિત ભાવો નય, નિક્ષેપા, સપ્તભંગી આદિ તર્ક પદ્ધતિ દ્વારા વિશદરૂપે સમજાવવામાં આવેલા છે. આ પ્રસ્તુત વ્યાખ્યાન સંગ્રહમાં ઉત્તરાધ્યયન સુત્રના ઓગણીશમા મૃગાપુત્રના અધ્યયનનો વિષય છે. આ અધ્યયન એક સાચા વૈરાગ્યવાસિત મુમુક્ષુની માનસિક સ્થિતિ, તેમાં માતા-પિતા આદિ સ્વજનો તરફથી દર્શાવાતા વિઘ્નો, મુમુક્ષુ તરફથી અપાતા તેના સચોટ જવાબોથી ભરપુર છે. ટૂંકમાં આખું અધ્યયન વૈરાગ્ય ભાવનાનું પોષક છે. આ વ્યાખ્યાન સંગ્રહ સ્પષ્ટ બતાવે છે કે જેણે આત્માને ઓળખ્યો છે અથવા જેને આત્માને ઓળખવો છે તેણે પૌદ્ગલિક સુખથી વિરક્ત થવું જોઇએ.


## શ્રી વિજયલક્ષ્મીસૂરિ વિરચિત

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪-ફોર્મ ૩૮. બહુ થોડી નકલો છપાવવાની હોવાથી જેમને જોઇએ તેમણે નકલ દીઠ રૂા. ૨) મોકલી અગાઉથી નામ નોંધાવી દેવું. બુકની કિંમત રૂા. પાંચ થશે.

આ બુકની અંદર જે કથાઓ આપેલ છે તે કથાઓ બોધ આપનાર હોવાથી બહુજ ઉપયોગી છે. દરેક વ્રતનું સ્વરૂપ બહુ સારી રીતે આપ્યું છે. કર્માદાનનું-ચૌદ નિયમનું-ચાર પ્રકારનું અનર્થ દંડનું સ્વરૂપ બહુ સ્પષ્ટતાથી આપેલું છે. લખોઃ—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું | પોષ—મહા | વીર સં. ૨૪૯૧
અંક ૩-૪ | | વિક્રમ સં. ૨૦૨૧


## નેમનાથના નવ ભવનું સ્તવન

(દેશ મનોહર માળવો એ રાગ)

નેમ જિણંદના ભવ નવે તુમે સાંભળો લલના,
તજો કામ વિકાર મુક્ી મન આંબળો લલના. ૧

ભવ પેલો ધનરાય રાણી તેની ધનવતી લલના,
બીજે સૌધર્મદેવ જોડુ ઓપે અતી લલના. ૨

ત્રીજે ચીત્રગતીરાય રાણી રતનવતી લલના,
ચોથે મહેન્દ્ર દેવ દેવી સાથે છતી લલના. ૩

પાંચમે રાય અપરાજીત રાણી પ્રીતીમતી લલના,
છઠ્ઠે આરણ દેવલોક દેવી પણ સાથે હતી લલના. ૪

સાતમે રાય સુપ્રતિપૃષ્ટ રાણી યશોમતી લલના,
આઠમે અનુતર વિમાન બેહુ દેવ સોભે અતી લલના. ૫

નવમે ભવ નેમનાથ અને રાજીમતી લલના,
તે પણ તીર્થંકર સાથ પામ્યા છે શિવગતી લલના. ૬

બાલ બ્રહ્મચારી બેઉના ગુણ ગાતા આનંદ થશે લલના,
ધર્મ ભક્તિ કંચન તણો ભાસ્કર રૂડો ઉગશે લલના. ૭

—મુનિ ભાસ્કરવિજય મહારાજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૪

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

## પ્રકરણ ૩ જું

**સ્વપ્નફળ–સુપન પાઠકો :**

ત્રિશલા રાણી સિદ્ધાર્થ રાજા પાસે આવ્યા અને પોતાનાં ચૌદ સ્વપ્નો વર્ણવી બતાવ્યા. તેમણે જણાવ્યું કે તેઓએ નીચે જણાવેલાં ચૌદ સ્વપ્નો જોયાં છે :–

૧. **કેશરીસિંહ** આ સિંહ મુખની પાસે ગળા પર કેશવાળીવાળો અને પુરૂષવર્ગનો અત્યંત રૂપાળો પીળો અને ચકચકીત આંખવાળો હતો.

૨. **હાથી** (હસ્તિ) દંતુશળવાળો, શરીરે કાળો પણ રૂપાળો અને અંબાડીયુક્ત હતો.

૩. **વૃષભ** એ બળદને બે શીંગડાં હતાં અને શરીરે એ ખૂબ ભરાવદાર હતો.

૪. **શ્રીદેવી** આ દેવસ્થાનમાં બેઠેલી, ગળામાં મજાની ફૂલની માળા ધારણ કરેલી અને પરિવારે પરવરેલ હતી.

૫. **પુષ્પમાળાયુગલ** ધોળા સફેદ ફૂલની બે માળા એકબીજા સાથે જોડાયલી અને અત્યંત સુગંધી આપતી મઘમઘાયમાન.

૬. **ચંદ્ર** તેની અંદરના હરણ સાથે, શાંતિ પાથરતો અને પોતાના પ્રકાશથી અત્યંત ઉજ્જવળ અને શાંત ઠંડો દેખાતો.

૭. **સૂર્ય** તે પૂર્ણ પ્રકાશમાન હતો અને તેની સામે નજર કરવી, પણ મુશ્કેલ હતી. તે તદ્દન ધાબા વગરનો અને શુદ્ધ પ્રકાશ પાડનાર હતો.

૮. **ધ્વજ** ધજાગરો. અત્યારે કોંગ્રેસનો ધ્વજ ઊડે છે તેવો અને સારા લાકડામાં બેસાડેલો. આ ધ્વજ અથવા ફ્લેગ દેખાય તે સુંદર, ઘાટીલો અને સરખો હતો.

૯. **કળશ** રૂપાનો અને દેખાવમાં ઘણો ઘાટીલો અને પહોળાં મધ્ય ભાગવાળો હતો અને તેને સુંદર નાળચું હતું.

૧૦. **પદ્મસરોવર** પાણીથી ભરપૂર અને અનેક વહાણોને પોતાના પેટ ઉપર ચલાવનાર, અનેક પ્રાણીઓ અને મગરમચ્છ–માછલાંનો આશ્રયસ્થાન તે પદ્મદ્રહ હતો.

૧૧. **ક્ષીરસમુદ્ર** એનું જળ દૂધમય અને એ પણ અનેક વહાણો અને માછલાં તથા મગરમચ્છોને આશ્રય આપનાર હતો. દૂધ જેવા જળને જોવાની મજા હતી. લાખો માઈલ લાંબો આ દરિયો હતો અને તેના દૂધિયા જળમાં અનેક પ્રાણી ક્રિડા કરી રહ્યા હતા.

૧૨. **દેવવિમાન** બહુ સુંદર આકારનું દેવતાનું વૈમાન હતું. તેમાં અનેક ગવાક્ષો બારીબારણાં હતાં અને તેમાં દેવતા દેવી સાથે બેઠેલ હતા.

૧૩. **રત્નનો ઢગલો** અનેક જાતનાં રત્નો માણેક અને પરવાળાં તેમાં સમૂહબંધ જોવામાં આવ્યાં અને તેમાં વૈડૂર્યાદિ અનેક રત્નો હતાં.

૧૪. **નિર્ધૂમ અગ્નિ** જબરજસ્ત અગ્નિનો સમૂહ. તેમાં કોઈ લાકડાં કે કોલસાં ન દેખાય. પણ ખૂબી એ હતી એ આવડો મોટો અગ્નિ છતાં એક જરાપણ ધૂમાડો નહોતો દેખાતો. ભડભડ નિર્ધૂમ અગ્નિ બળે જતો હતો.

આ ચૌદ સ્વપ્નો પૈકી ત્રિશલામાતા પ્રથમ સિંહ જુએ છે, પછી હાથી જુએ છે અને ત્યાર પછી વૃષભ જુએ છે, જ્યારે ઋષભદેવની માતા પ્રથમ વૃષભ અને ત્યાર પછી સિંહ અને હાથી જુએ છે; આમ ક્રમમાં ફેર પડે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ચૌદ સ્વપ્નો ત્રિશલારાણીએ જોયાં અને તેણે રાજા પાસે પતિ પાસે વર્ણવી બતાવ્યાં અને રાજા સિદ્ધારથને તેનું ફળ પૂછ્યું. રાજા સિદ્ધાર્થ પણ સ્વપ્ન સંબંધી સામાન્ય હકીકત જાણતા હતા, પણ વધારે વિગતો તો સૂપનપાઠકને પૂછીને સમજવા ઇચ્છતા હતા, તેમણે રાણીને કહ્યું "હે દેવાનુપ્રિયે! આ ઉદાર, કલ્યાણકારી, નિરૂપદ્રવ સ્વપ્નાં જોયાં છે, તે ઉપરથી એમ જણાય છે કે આપણને મણિ, માણિક્ય, સુવર્ણ, ભોજ્યપદાર્થ, સંતાન, રાજ્ય વગેરે ઉત્તમ ઉત્તમ વસ્તુઓનો લાભ થશે. ગર્ભકાળ પૂરો થયે યોગ્ય સમયે સુંદર પુરૂષ સંતાન-પુત્રને તું જન્મ આપીશ. એ પુત્ર કૂળદીપક થશે અને કૂળના યશને વધારનાર થશે. સવારે આપણે સ્વપ્નપાઠકને બોલાવી વધારે વિગતથી તેનો અર્થ કરાવશું અને વિગતો જાણશું.'

રાણીએ બાકીની આખી રાત્રી જાગ્રત અવસ્થામાં પસાર કરી અને ખરાબ સ્વપ્નોથી વાત બગડી ન જાય તેની સંભાળ રાખી હતી. તેમણે રાત્રી ધર્મ સંબંધી વિચારણામાં પસાર કરી. તે પણ પાર્શ્વનાથની પવિત્ર સતી સુંદર સ્ત્રી હતી અને નકામી વાતો કરવાથી બહિર્મુખ હતી. તેમણે રાત્રીનો અવશેષ ભાગ ધર્મવિચારણામાં પસાર કર્યો અને વારંવાર પોતાને આવેલાં સ્વપ્નોનો વિચાર પણ કર્યો.

સિદ્ધાર્થ રાજાએ સવારે વહેલા ઊઠી રાજસભા બોલાવી. તે વખતે રાજસભા સવારે બપોરે કે સાંજે રાજાની અનુકૂળતા હોય તે પ્રમાણે ગમે તે વખતે બોલાવવામાં આવતી હતી. અમુક સમય હરરોજને માટે મુકર કે ચોક્કસ કરેલો નહોતો. રાજસભામાં જવા પહેલાં રાજાએ શરીરે અંગમર્દન કરાવ્યું અને થોડાં મુદ્‌ગલ ફેરવી નાંખ્યા. તે વખતના લોકો શરીરને સારૂં રાખવાની ઘણી જરૂર જોતા હતા અને લશ્કરની પસંદગી પણ સારા અને ઘાટીલા શરીર પર જ થતી. લશ્કરના ઉપરી તરીકે રાજાએ તો પોતાનું શરીર સુંદર અને કસરતી રાખવું જ જોઇએ, કારણ કે નબળા રાજાઓને આક્રમણનો ભય ઘણો હતો અને રાજા હારે કે તેનું નિશાન પડે તો આખું લશ્કર દોડાદોડમાં પડી જતું. રાજાને તો દુશ્મનો ઘેરી લે તો પણ તેની હાર થઇ ગણાતી, અને તેથી રાજાઓ પોતાની જાતને કસરતી રાખવાની પોતાની ફરજ સમજતા હતા અને આખી પ્રજામાં જે સહુથી વધારે મજબૂત હોય તે જ રાજા થઇ શકતો હતો એવો પ્રજાનો નિયમ સુપ્રસિદ્ધ હતો. આખા શરીરે તેલનું મર્દન કરવાથી લોહીનું ફરવું ઘણું સારી રીતે થાય છે અને લોહીના ફરવા ઉપર શરીરના સૌંદર્ય અને મજબૂતીનો આધાર હોવાથી આખા શરીરે તૈલમર્દન કરાવવું એ અતિ મહત્વની કસરત છે. ઘણા માણસો તે યુગમાં તૈલમર્દન કરવાનાં કામમાં નિષ્ણાત બનતા અને આવા મર્દન કરનારાઓને રાજ્યમાં ખાસ સ્થાન અને નોકરી મળતી હતી. અત્યારે તો તૈલમર્દનના અભ્યાસીઓ શરીરનો અભ્યાસ કરે છે, દરેક શરીરની રગને અને દરેક સ્નાયુ( Muscle )ને જાણે છે અને તેમને અભ્યાસ કરાવતી વખતે મનુષ્યનું આખું શરીર બતાવવામાં આવે છે અને તેના અભ્યાસનો તે વિષય ગણાય છે. એટલે તૈલમર્દનનો પૂર્વકાળ જેટલો જ મહિમા આ કાળમાં પણ છે, પણ દીલગીરીની વાત એ છે કે લોકો તૈલમર્દન કરાવી શરીરને સારૂં રાખવાની જરૂરીઆત જોતા નથી; આ એક પ્રકારનો પ્રમાદ છે અને તૈલમર્દન દરરોજ કરાવવું જોઇએ એવી ફરજ લોકોને શીખવવી જોઇએ. શરીરે તૈલમર્દન તથા કસરતની જરૂરીઆત તરફ પૂર્વકાળની પેઠે તેની શારીરિક મહત્તા આ યુગે વર્તમાનકાળમાં પણ જાણવી ઘટે. જેમ યોગથી મનને કેળવવાની જરૂરીઆત છે તેમ તૈલમર્દન અને કસરતથી શરીરને મજબૂત રાખવાની પણ તેટલી જ જરૂરીઆત છે. એ સંબંધમાં બેદરકાર રહેવાથી આગળ વધતી વયે જરૂર સહન કરવું પડે છે.

સિદ્ધાર્થ રાજાએ વખતસર રાજસભામાં હાજર થઇ પ્રથમ તો સર્વ દરબારી માણસોને નમન કર્યું. સર્વની સલામી લઇ પ્રથમ તો રાણીને આવેલા સ્વપ્નોનું વિગતવાર ફળ જાણવા માટે, સ્વપ્નપાઠકો જેઓ સ્વપ્નનાં ફળ ને જ્ઞાનમાં નિષ્ણાત હતા તેમને તેડવા બોલાવવા પોતાના અંગત નોકરને મોકલ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વપ્નપાઠકો રાજાનો હુકમ થતાં એકઠા થઇ ગયા અને પ્રથમ તો તેઓએ પોતામાંથી એકને આગેવાન નીમ્યો. તેઓ જાણતા હતા આવા એકને આગેવાન નીમવાની જરૂર છે. તે સંબંધી એક વાર્તા નીચે પ્રમાણે સુપ્રસિદ્ધ છે–

એક રાજાએ પાંચસો સુભટોને લશ્કરમાં લીધા. તેઓને અંદરઅંદર સુસંપ કેવો છે તે જાણવા એક એક માણસ સૂઈ શકે તેવો પલંગ તેમની પાસે મોકલી આપ્યો. અંતે કોણ સુવે અને કોણ તે પલંગનો લાભ લે તેનો નિર્ણય તેઓ અંદરઅંદર કરી શકયા નહિ. પાંચસે જણા પલંગ–શય્યા તરફ પગ કરીને સુઇ રહ્યા. તેઓમાંથી, સુસંપની ગેરહાજરી હોવાથી, એક પણ આગેવાન થઈ શકયો નહિ. રાજાને વિચાર થયો કે આ સુભટો મારૂં શું ભલું કરશે, આવી શય્યામાં કોણે સૂવું તેનો જે સુભટો નિર્ણય કરવાનું એક દીલ બતાવી શકતા નથી, તેઓ એકચિત્તે સેવા કેમ કરી શકશે? આ પ્રમાણે વિચાર કરી રાજાએ પાંચસો સુભટોને કાઢી મૂકયા, કોઇને પોતાની નોકરીમાં રાખ્યા નહિ. સંસ્કૃતમાં એક શ્લોક છે તેનો ભાવાર્થ એ છે કે 'સર્વે જ્યાં આગેવાન હોય, દરેક પોતાની જાતને પંડીત માનનાર હોય, અને દરેક પોતાનું મહત્વ ઇચ્છતો હોય, તે આખું ટોળું નાશ પામે છે.' લશ્કરમાં તો આગેવાન હવાલદાર કે લશ્કરના ઉપરીનો હુકમ આંધળા થઇને અનુસરવાનું હોય છે ત્યાં પોતાની અક્કલ દોડાવવા ઇચ્છે, કોઇ કોઈનું સાંભળે નહિ, તે આખું લશ્કર જરૂર હારી જાય.

આવી વાર્તા તે જાણનાર હોવાથી સુપનપાઠકોએ પોતામાંથી એક આગેવાન પસંદ કરી લીધો. રાજા સાથે આગેવાન વાત કરે અને તેની હામાં દરેક જણ પોતાની હા મેળવે એમ નક્કી કરી સ્વપ્નપાઠકો રાજદરબારે ગયા અને રાજાના તેડાને માન આપ્યું અને વધાવી લીધું.

તેઓ સર્વ રાજદરબારમાં આગેવાન સાથે હાજર થયા. રાજાએ રાણીને આવેલા ચૌદ સ્વપ્નની વાત કરી હતી તે જાણી હતી તેવી વિગતવાર કહી સંભળાવી. તે આવ્યા પછી રાણી જાગ્યા હતા અને ધર્મધ્યાનમાં સમય વ્યતીત કર્યો હતો, તે પણ જણાવી દીધું. રાજસભામાં રાણી પણ પડદા પાછળ હાજર હતા. તેમણે તે વાત સાંભળી સર્વ કબૂલ કરી. રાજાએ સ્વપ્નપાઠકોને ઉપર પ્રમાણે સર્વ હકીકત જણાવી તેનું ફળ શું થશે તે વિગતવાર જાણવા માટે સવાલ કર્યો, તે વખતે સ્વપ્નપાઠકના આગેવાને જે જવાબ આપ્યો તે જાણવા જેવો છે.

સ્વપ્નપાઠકના આગેવાને જવાબમાં સર્વ સ્વપ્નપાઠકને પૂછીને જણાવ્યું કે "સ્વપ્નાઓ નવ કારણે આવે છે." ૧. સ્વપ્નમાં અનુભવેલી વાત આવે, અથવા ૨. સ્વપ્નમાં સાંભળેલી વાત આવે, અથવા ૩ સ્વપ્નમાં દેખેલી વાત આવે, વળી ૪. પ્રકૃતિમાં વિકાર થવાથી પણ સ્વપ્ન આવે, ૫. સ્વપ્ન સ્વાભાવિક રીતે પણ આવે, ૬. તે ઉપરાંત ઘણી ચિંતાને કારણે પણ સૂપન આવે, અથવા ૭. દેવોના ઉપદ્રવથી પણ સ્વપ્નાં આવે, વળી ૮ ધર્મકાર્યના પ્રભાવથી પણ સ્વપ્ન આવે અને ૯ પાપના ઉદ્રેકથી પણ સ્વપ્ન આવે. આ નવ પ્રકારમાંથી પ્રથમના છ કારણે આવેલ સ્વપ્ન નિરર્થક જાય છે. પણ છેલ્લાં ત્રણ કારણે (૭–૮–૯) આવેલ સ્વપ્ન બાર ત્રણ એક એકમાસ પછી જરૂર ફળ આપે છે. ખાસ કરીને રાત્રીને છેવટને ભાગે જોયેલ સ્વપ્ન તરત ફળ આપે છે અને સ્વપ્ન પાઠકના આગેવાને વિશેષમાં સ્વપ્ન સંબંધી અનેક વાતો કરી. સ્વપ્નમાં સોનાનો ઢગલો પોતે ઊંચકે છે એમ દેખનાર પ્રાણી તદ્દભવે મોક્ષે જાય. પછી ચૌદ સ્વપ્ન સંબંધી વાત કરતાં જણાવ્યું કે એ ચૌદે સ્વપ્ન જેને આવે તેનો પુત્ર ચક્રવર્તી કે તીર્થંકર થાય, વાસુદેવના માતા એ ચૌદ પૈકી સાત સ્વપ્નો જુએ છે અને મંડલિક રાજાનાં માતા એક સ્વપ્નને જુએ છે. એટલા ઉપરથી આપને બહુ ઉત્તમ પુત્ર પ્રાપ્ત થશે, તે તીર્થંકર કે ચક્રવર્તી થશે. આ ચૌદે મહાસ્વપ્નો છે અને તેથી આપને અતિ ઉત્તમ પુત્ર થશે. ચક્રવર્તી તો બારે થઈ ગયા, તેથી અનુમાન થાય છે કે આપનો પુત્ર તીર્થંકર થશે, તે તીર્થ ચલાવશે અને તેનું તીર્થ ચાલશે. આપની આબરૂમાં એ ઘણો વધારો કરશે.' (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુક્ત થવાની ઇચ્છા



લેખક : 'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ

જે બંધાએલો હોય તે જ છુટો થવાની ઇચ્છા રાખી શકે. મુક્તિ એટલે બંધનોમાંથી છુટા થવું. જે બંધાએલા જ ન હોય અથવા બંધનથી છુટા થઈ ગએલા હોય તેમના માટે છુટા થવાનો અગર મુક્ત થવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેમ જ જેઓ પોતે બંધાએલા અને જકડી નાખેલા છીએ એ વસ્તુ જાણુતા જ ન હોય તેને બંધનોથી મુક્તિ મેળવવાની ઇચ્છા પણ કેમ થાય? એ માટે જ આપણે બંધનમાં છીએ કે કેમ, આપણે પરવશ થઇ બીજા નચાવે તેમ નાચીએ છીએ કે કેમ, આપણે સ્વતંત્ર છીએ કે નહીં, આપણી સેવા બજાવવા માટે જે શરીર આપણે મેળવ્યું છે તે આપણું કહ્યું કરે છે કે કેમ, આપણી ઇચ્છા એ સર્વોપરિ છે કે શરીરની? આપણી ઇન્દ્રિઓ જે આપણું કાર્ય સીધુ કરી આપવા માટે જ આપણને મળી છે, તે આપણી આજ્ઞા માને છે કે, ઉલટી આપણને જ આજ્ઞા કરી આપણને દોરે છે? આપણે ઇન્દ્રિઓને આજ્ઞા ફરમાવી આપણું કાર્ય કરાવી શકીએ છીએ કે, ઉલટા આપણે આપણી ઇન્દ્રિઓની આજ્ઞાનું પાલન કરીએ છીએ? આ અને આવા બધા પ્રશ્નોનો જવાબ મેળવવાનો આપણે પ્રયત્ન કરીએ ત્યારે આપણે બદ્ધ અને પરવશ છીએ કે કેમ તેનો જવાબ મેળવી શકીએ તેમ છીએ. આ બધા પ્રશ્નોના જવાબો જો આપણે છુટા, મુક્ત અને સ્વતંત્ર છીએ એવો મળી જાય તો આપણે કરવાપણું કાંઈ રહેતું નથી. પણ આપણે નિબિડ બંધનોમાં જકડાએલા છીએ, પરવશ છીએ અને એ બંધનો જેમ બને તેમ નીકળી જાય તો સારૂ એમ લાગતું હોય તો તે માટે આપણે પ્રયત્ન કરવાની જરૂર છે. એ દેખીતુ જ છે.

એક બાલક પત્તાનો બંગલો ઉભો કરે છે. અને એ જોઈ હરખાય છે. અને એનો મોટો ભાઇ આવી તે બંગલો ભાંગી નાખે છે, ત્યારે તે બાલક રડવા બેસે છે. પણ એમ ન થાય તો એ બંગલો પોતે પોતાના હાથે જ ભાંગી નાખી હસવા માંડે છે. એ બાલચેષ્ટા તરફ આપણે કઈ દ્રષ્ટિથી જોઇએ છીએ? બાલકને પોતાની કૃતિ ઉપર ખૂબ પ્રેમ હોય છે. બંગલાના બારી બારણા અને મેડી જોઈ એને આનંદ થાય છે. એ બંગલો ક્ષણજીવી અને નિરૂપયોગી છે, એની બાલકને ખાત્રી હોય છે. છતાં એ એટલો બધો મોહવશ થઈ ગએલો હોય છે કે, એનો બંગલો ભાંગતા એ રડી પડે છે. આપણું મોહજનિત બંધન પણ એવી જ જાતનું હોય છે. આપણે સારી પેઠે જાણીએ છીએ કે, આ ધન મિલકત, વાડી બંગલા, સોનુ રૂપુ કે હીરા માણેક, વિવિધ ઘરેણા કે પેટી પટારા, મોટરો કે કારખાના, વગ વશીલો કે અધિકાર, એટલું જ નહીં પણ આપણા જન્મથી જેને પાળી પોષી પંપાળી જેના લાડ લડાવ્યા એ શરીર પણ આપણે છોડી જવુ પડશે. કારણ જ્ઞાની કે મૂર્ખ, શ્રીમાન્ કે ગરીબ, અધિકારી કે ધૂતારો, કેદી કે જેલર, ગુરુ કે શિષ્ય બધા જ એ માર્ગે સંચર્યા છે. એમાંથી કોઇના નામ પણ સાંભળવામાં આવતા નથી. જે કોઇ પોતાનો અક્ષરદેહ મૂકી ગયા છે તેમને જ લોકો કાંઈક ઓળખે છે. એમાંથી ઘણાઓએ એની ઓળખાણ પણ ન રહે એવું નિરપેક્ષ વર્તન કરેલું છે. તેઓએ અહંનો સંપૂર્ણ ત્યાગ કરી ફક્ત પોતાની મધુર વાણી જ પાછળ મૂકી છે. ગ્રંથો દ્વારા એ આપણને જોવા મળે છે. તે ઉપરથી તેમની ઉજ્વલ અને મૂલગ્રાહી બુદ્ધિનો આપણને પરિચય મળે છે. એવા જ્ઞાની મહાત્મા ક્યાં જન્મ્યા અને ક્યાં વસ્યા એનો પરિચય પણ આપણે મેળવવો મુશ્કેલ બની જાય છે. એ ઉપરથી એમની સ્વનિરપેક્ષ વૃત્તિનો અનુભવ આપણને થાય છે. કારણ એમની વૃત્તિ ફક્ત મુક્ત થવાની જ હોય છે. એમને આ સંસારનું બંધન ગમતું નથી હોતુ. એમને આપણે ક્યારે છુટા થઇશું એની તાલાવેલી લાગેલી હોય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરના વિવેચન ઉપરથી આપણે ક્યાં છીએ, અને આપણી વૃત્તિ કેવી છે એનો વિચાર કરીએ ત્યારે જોવા મળે છે કે, આપણે જાણે અમર જ રહેવાના છીએ, આપણને મૃત્યુનો ભય રાખવાનું કાંઇ કારણ છે જ નહીં. આપણી માલ મિલકત, આપણું ધન, આપણો બંગલો ને વાડી સલામત જ છે. આપણી આવક અને પ્રાપ્તિને શેનો ધોકો હોય! બધું સ્થિર અને આપણું જ રહેવાનું છે. આપણા સગા ને મિત્ર પરિવાર આપણી પાસેથી કોણ પડાવી શકે તેમ છે? ત્યારે આપણું એ આકર્ષણ એટલુ બધુ વધી ગએલુ છે કે, મૃત્યુને આપણે ઓળખવાની કાંઇપણ જરૂર જણાતી નથી. આપણે બંધાએલા છીએ, મોહમાં ફસાએલા છીએ, આપણે ભોળવાઇ ગએલા છીએ, આપણી ઉપર કોઇએ જાદુ ચલાવી છે, અને આપણને કોઇએ ભૂલાવામાં નાખી દીધેલા છે એની આપણે કલ્પના પણ કરી શકતા નથી. ધર્મ-ક્રિયાઓ પણ આપણે શૂન્ય હૃદયથી જ કરતા રહીએ છીએ. આપણને એમાં રસ નથી. એમાં આપણને આત્માનું દર્શન તો શું પણ જરા જેવી ઝાંખી પણ થતી નથી એ ઉપરથી આ સંસાર એ બંધન હોય એ આપણે જાણતા નથી અર્થાત્ તેથી છુટા થવાનો પ્રશ્ન આપણી સામે આવ્યો જ નથી, એ સ્પષ્ટ જણાય છે. જેને બંધન જેવુ કાંઈ લાગતુ જ ન હોય તે મુક્ત થવાની કે છુટા થવાની ઈચ્છા જ શા માટે રાખે? એને તો આત્મા, કર્મસત્તા, પરલોક, બંધ અને મોક્ષ જેવી વસ્તુઓની કલ્પના પણ શા માટે સૂઝે! મોજ શોખ, ધનાકાંક્ષા, ભોગ-પરાયણતા, આનંદ પ્રમોદ, ઐહિક સુખ જેવી વસ્તુઓમાં જ્યારે બંધાઇ રહેવું ગમે તેમની આગળ સંસારના બંધન કે મુક્ત થવાની વાતો કરવી એ શા કામની? જગતમાં કારાવાસમાં જેમને મોકલવામાં આવે છે તેમને જગતથી છુટા પાડી, તેમનું સ્વાતંત્ર્ય છીનવી લેવામાં આવે છે, અપમાન કરવામાં આવે છે, કારાવાસની અનેક જાતની વિટંબના ભોગવવા પડે છે. એવી સ્થિતિમાં પણ વારંવાર સજા ભોગવવા માટે કારાગૃહમાં જનારા નજરે પડે છે. વારે ઘડી તો શું પણ વીસ વાર જેલમાં નિવાસ કરવા માટે જનારા માનવો અમોએ નજરે જોયા છે. તેઓ છુટતી વેળા કહી જાય છે કે, મારી જગ્યા કાયમ રાખજો. હું હમણા ફરી તમારામાં આવુ છું. સંસારની મોહિનીના બંધનમાં બદ્ધ થઇ રહેલા આપણે પણ એવી જ જાતના જેલમાં કાયમ રહેવા માગતા કેદી જેવા નથી શુ? આ સરખામણી આપણા માટે બંધ બેસતી નથી આવતી શું?

આપણને સંસારમાં રહેવુ ગમી ગયું છે, અહીં-આના ક્ષણિક સુખો સાથે આપણો એટલો બધો ગાઢ સંબંધ જોડાઇ ગયો છે કે, આપણે માની લીધેલુ છે કે, આગળ જે થવાનું હશે તે ભલે થાય અત્યારે એનો વિચાર કરવાની શી જરૂર છે. પર-ભવમાં અનેક વિટંબણાઓ અને વેદનાઓ સહન કરવી પડશે, પલ્યોપમ અને સાગરોપમ જેટલા લાંબા કાળ સુધી વેદના પરવશપણે ભોગવવી પડશે તેનો વિચાર કરવાની જરૂર શું છે? આવા તુચ્છ અને અવિચારભર્યા વિચારો આપણે ચાલુ રાખીએ છીએ. અને એ રીતે અનંત દુઃખી ભવોની સામગ્રી ભેગી કરતા રહીએ છીએ. આપણે બંધનમાં ફસાયા છીએ. એ બંધન અસહ્ય છે એવુ આપણને લાગતું પણ નથી. ત્યારે એવા બંધનથી આપણે શી રીતે છુટી શકીએ? જે વસ્તુ થાય તો સારૂ, એ થવાની જરૂર જ આપણને લાગતી ન હોય ત્યારે મુક્ત થવાની વાત જ ક્યાં રહી?

શાસ્ત્રકારોએ આપણા ઉપર કરૂણા દાખવી આપણે શી રીતે અનુક્રમે ધીમે ધીમે પણ છુટકારાના માર્ગે વળીએ એના માટે અનેક યુક્તિઓપૂર્વક માર્ગો બતાવ્યા છે, પણ આપણને તેની અંતઃકરણપૂર્વક જરૂર જણાતી જ નથી, કેટલીએક વખતે બીજાના કહેવાથી, આપણી શોભા વધે અને આપણે જગમાં સારા દેખાઇએ તે માટે અગર ધર્મીજનોમાં પોતાનું નામ નોંધાય તે માટે શૂન્યહૃદયે ક્રિયાઓનો અને તે માટે ઉચ્ચારાતા શબ્દોનો અર્થ અને પરમાર્થ સમજ્યા વિના ગાડરીઆ પ્રવાહમાં તણાતા કાંઈક ક્રિયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીએ, તેથી આપણો છુટકારો થશે એવુ માની લઇએ તો આપણા જેવા બીજા મહામૂર્ખો બીજા કોઈ જ ન હોય. જે કાર્યમાં મન પરોવાએલું ન હોય તેનું ફળ શું મળે? એ તો ઉંધા ઘડા ઉપર પાણી રેડવા જેવું નિરર્થક કાર્ય છે. શુક પણ રામ રામ મોઢે બોલતો જાય છે. રામના નામ સાથે અને રામના ગુણો સાથે એનો શું સંબંધ હોય!

આપણને સંસાર અસહ્ય લાગતો નથી. આપણને તેના ભોગ એ વેદના લાગતી નથી. પણ ઉલટા સંસારના ભોગ ગમી ગયા હોય છે. તે ભોગવવાની લાલચ વધતી રહી છે. એ ભોગો ઉપર કાપ મુકવો એવુ આપણને લાગતું પણ નથી, ત્યાં સુધી મુક્તિની વાતો મોઢે ઉચ્ચારવી એ બાલિશતા જ છે. નાટકમાં એક વેષધારી રાજા હોય અને પોતાના પરાક્રમની ડિંડિમ વગાડી બઢાઈ હાંકતો હોય એવુ આપણું કૃત્ય છે. વેષ પરિવર્તન કરી આપણે વૈરાગ્યનો સ્વાંગ સજી લોકોની વંદના ઝીલતા હોઇએ અને પોતે જાણે સાચા જ મુનિ પુંગવ થઈ ગયા છીએ એમ માની આશીષોની લ્હાણ કરતા હોઇએ તો. પણ જેમ માથુ મુંડાવ્યું તેમ મન પણ મુંડિત નહીં કર્યું હોય ત્યાંસુધી બધું 'છારપણું લીપણું સરસ જાણો' એમ માન્યા વિના બીજો માર્ગ નથી.

અહંતા, કીર્તિની લાલસા, બીજાઓનો ધિ:કાર કરવાની વૃત્તિ, પોતે કોઇ અસાધારણ શક્તિ ધરાવનારા મહંત છીએ અને બીજા બધાઓએ અમારા શરણે આવવુ જ જોઇએ એ વૃત્તિ ટળતી નથી. 'અહં' જતો નથી, વિનય અને નમ્રતા જાગતી નથી ત્યાં સુધી આ સંસાર બંધન છે અને તેથી છુટવાની જરૂર આપણને લાગી છે એ માનવુ એ સાક્ષાત્ દંભ છે, એ ભૂલવુ નહીં જોઇએ. આપણને બધાઓને મુક્ત થવાની તાલાવેલી જાગે એવી સદિચ્છા સાથે વિરમિએ છીએં.

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠનાં આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ પૈસા — લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન આગમિક સાહિત્યનો સન્દર્ભગ્રન્થ

**[ A Bibilography of the Jain Canonical Literature ]**

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

( આગમોની સંખ્યા, સ્પષ્ટીકરણો એટલે ?, અજૈન સન્દર્ભગ્રન્થો, રૂપરેખા–આગમોનાં સંસ્કરણો, સ્પષ્ટીકરણોનાં સંસ્કરણો, અનુવાદો અને સારાંશો, પ્રસ્તાવનાઓ અને પરિશિષ્ટો, લેખો ઈત્યાદિ, વ્યાખ્યાનો, સમાલોચનાઓ; વિજ્ઞપ્તિ, લાભ અને ત્રિવિધ પ્રકાશન ).

**આગમોની સંખ્યા**- જેમ જૈનોના આગમો છે તેમ શૈવોના પણ છે. આથી કરીને આ એની ભિન્નતા દર્શાવવા માટે મેં આ લેખમાં 'જૈન' શબ્દનો ઉલ્લેખ કર્યો છે. 'જૈન આગમિક સાહિત્ય' એટલે જૈન આગમો અને એનાં સ્પષ્ટીકરણો. આગમોની પ્રચલિત સંખ્યા મૂર્તિપૂજક શ્વેતાંબરોને મતે પિસ્તાલીસની છે, પરંતુ એ ઉપરાંતના બીજા પણ આગમો છે. સ્થાનકવાસી અને તેરાપંથી બત્રીસ આગમો ગણાવે છે. પણ તે પૂરતા નથી. અહીં તો એ સિવાયના આગમો પણ અભિપ્રેત છે.

**સ્પષ્ટીકરણો**–આગમોનાં સ્પષ્ટીકરણોથી આગમને અંગેનાં નિજ્જુત્તિ ( નિયુક્તિ ), ભાસ ( ભાષ્ય ), ચુણ્ણિ ( ચૂર્ણિ ), સંસ્કૃત ટીકા, વૃત્તિ, વિવૃત્તિ કે વિવરણ કે વ્યાખ્યા, અવચૂરિ કે અવચૂર્ણિ, ટિપ્પણ અને બાલાવબોધ સમજવાનાં છે. એક રીતે વિચારતાં છાયા પણ સ્પષ્ટીકરણની ગરજ સારે તેમ છે.

**અજૈન સન્દર્ભગ્રન્થો**—અંગ્રેજીમાં જેને 'બિબ્લિઓગ્રાફી' ( Bibliography ) કહે છે તેને માટે મેં હાલ તુરત તો 'સન્દર્ભગ્રન્થ' શબ્દ યોજ્યો છે કોઈ કોઈ પુસ્તકના અંતમાં તે તે પુસ્તક તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાયેલી સામગ્રી તરીકે હાથપોથીઓનો પણ નિર્દેશ કરાયેલો જોવાય છે. પ્રસ્તુતમાં હું પ્રકાશિત સામગ્રી પૂરતી આ સન્દર્ભગ્રન્થની મર્યાદા છે એમ સૂચવું છું. એમાં ક્યા ક્યા વિષયોને કઈ કઈ બાબતોને સ્થાન છે તે દર્શાવું તે પૂર્વે જે કેટલાક સન્દર્ભગ્રન્થો મારા જોવામાં આવ્યા છે તે વિષે થોડુંક કહીશ.

આજથી પાંત્રીસેક વર્ષ ઉપર મહૂર્મ ડૉ. જીવણજી જમશેદજી મોદી તરફથી તેમ જ એમના હસ્તક મુંબઈની એક મોટી પારસી સંસ્થા તરફથી મને પારસી ધર્મ અને સંસ્કૃતિને લગતાં કેટલાંક પુસ્તકો ભેટ મળ્યાં હતાં. આમાં આને લગતી એક બિબ્લિઓગ્રાફી પણ હતી એમ મને સ્ફુરે છે. આની નોંધ અહીં લેવાનું કારણ એ છે કે જે જૈન સન્દર્ભ-ગ્રન્થ તૈયાર કરવાનો છે તેમાં એ અમુક અંશે માર્ગદર્શક થઇ પડે તેમ છે.

ત્રીસેક વર્ષ ઉપર મુંબઈમાં "ગુજરાત રીસર્ચ સોસાયટી" સ્થપાતાં હું એનો એના પ્રથમ વર્ષમાં ફાઉન્ડેશન મેમ્બર ( Foundation Member ) થયો હતો અને એના વ્યવસ્થાપક મંડળમાં નિમાતાં આ સંસ્થાના એક અગ્રગણ્ય સંચાલકે મને જૈન દાર્શનિક સાહિત્યનો સન્દર્ભગ્રન્થ તૈયાર કરવા સૂચવ્યું હતું પરંતુ મારે મુંબઈ છોડીને અહીં સુરત આવવાનું થતાં હું એ કાર્ય હાથ ધરી શક્યો નહિ, કેમકે અહીં સાધનસામગ્રીની યથાયોગ્ય અનુકૂળતા ન હતી.

કાલાંતરે અહીંની એમ.ટી.બી. કૉલેજમાં અર્ધ-માગધીના પ્રાધ્યાપક તરીકે કામ કરતી વેળા A Bibliography of Ramayana નામનું પુસ્તક મારા જોવામાં આવ્યું હતું. એ સમયે મને જૈન આગમો માટે આ પ્રકારનો સન્દર્ભગ્રન્થ રચવાનો વિચાર થયો હતો કેમકે એ માટેની ઘણીખરી સામગ્રી મને મારાં નિમ્નલિખિત પુસ્તકોમાંથી મળી રહે તેમ હતું.

૧. A History of the Canonical Literature of the Jainas.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. આગમોનું દિગ્દર્શન.

૩. પિસ્તાલીસ આગમો.

૪. Descriptive Catalogne of the Government Collections of manuscripts ( Vol. XVII pts. I–4 ).

આ વર્ણનાત્મક સૂચીપત્રમાં ગ્રન્થકાર અને વિષય સંબંધી સંક્ષેપમાં ઉલ્લેખ છે તે અને ખાસ કરીને એ ઉપરાંત 'રેફરન્સ' ( Reference ) દ્વારા નોંધાયેલી સામગ્રી પ્રસ્તુત સન્દર્ભગ્રન્થ તૈયાર કરવામાં કામ લાગે તેમ છે, કેમકે એમાં મેં સંપાદનો–સંસ્કરણો, અનુવાદો તેમ જ લેખો વગેરેનો નિર્દેશ કર્યો છે.

ડો. આર. એન. દાંડેકરે Vedic Bibliography નામનું પુસ્તક થોડાંક વર્ષો ઉપર રચ્યું છે અને એના બે ભાગ મારા જોવામાં આવ્યા છે. એની યોજના મને વિશેષ મહત્ત્વની જણાઈ છે; એટલે જો મારે જૈન આગમિક સાહિત્યને અંગે સન્દર્ભગ્રન્થ તૈયાર કરવાનો સુયોગ સાંપડે તો હું પ્રાયઃ આ યોજના અનુસાર કાર્ય કરું. આવું કાર્ય કરવા પૂર્વે અજૈન દર્શનોના બીજા પણ જે સન્દર્ભગ્રન્થો પ્રકાશિત થયા હોય તે જોઈ જવાની મારી અભિલાષા છે.

**રૂપરેખા**–પ્રસ્તુત સન્દર્ભગ્રન્થમાં નીચે મુજબના વિષયોને સ્થાન અપાવું જોઈએ:—

**(૧) આગમોના સંસ્કરણો**-અત્યાર સુધીમાં કેટલાક આગમો અનેક સ્થળેથી પ્રસિદ્ધ કરાયા છે એ બધાની–ભલે કેટલાંક પ્રકાશનો સામાન્ય કોટિનાં હોય તો પણ તેની નોંધ લેવાવી જોઈએ જેથી પ્રકાશનનો ઇતિહાસ આલેખી શકાય.

**અપ્રકાશિત ગ્રન્થો**–અહીં એ ઉમેરીશ કે આજે જ્યારે સ્વકીય ધર્મ અને સંસ્કૃતિ તેમ જ સાહિત્યથી એના જિજ્ઞાસુઓને પરિચિત કરી શકાય એવો આ 'કલિ'યુગમાં પણ 'સુવર્ણયુગ' પ્રવર્તે છે અને જે કોઈ સામગ્રી જોઈતી હોય તે મેળવી શકાય એવાં કલ્પવૃક્ષો આજે એક કુટુંબ જેવી બનેલી આ દુનિયામાં જાણે ઊગ્યાં છે ત્યારે પણ જૈનોના આગમિક શાહિત્યના [૧]કેટલાયે મહત્ત્વના ગ્રન્થો અપ્રકાશિત છે તે વિચારતાં સખેદ આશ્ચર્ય થાય છે. આથી મારી લાગતાવળગતાઓને નમ્ર વિજ્ઞપ્તિ છે કે આ મૂલ્યશાળી ગ્રન્થો સત્વર પ્રકાશિત કરે.

**(૨) સ્પષ્ટીકરણોનાં સંસ્કરણો:**

**(૩) અનુવાદો** અને સારાંશો આગમોના ગુજરાતી અને હિન્દીમાં અનુવાદો થયા છે–તેમ કેટલાકના અંગ્રેજીમાં પણ થયા છે. સારાંશો પણ યોજાયા છે.

**(૪) પ્રસ્તાવનાઓ અને પરિશિષ્ટો.** આજે કોઈ પણ ગ્રંથ પ્રસ્તાવના અને પરિશિષ્ટો વિનાનો હોય તો વિદ્વાનોને મતે તે પૂરતા આદરને પાત્ર નથી.[૨]

**(૫) લેખો ઇત્યાદિ.** આગમોને ઉદ્દેશીને જે નોંધપાત્ર લેખો છપાયા હોય પછી ભલેને તેની ભાષા ગુજરાતીને બદલે અન્ય કોઈ પણ હોય તો તેને પણ પ્રસ્તુત સન્દર્ભગ્રન્થમાં સ્થાન છે જ.

**(૬) વ્યાખ્યાનો**—આગમોને અંગે મુનિવરો વ્યાખ્યાનો આપે છે અને કેટલાકનાં વ્યાખ્યાનો છપાવાયાં પણ છે.[૩] તો એની પણ પ્રસ્તુત સન્દર્ભગ્રન્થમાં નોંધ લેવાવી જોઈએ.

**(૭) સમાલોચનાઓ**–જૈન આગમિક સાહિત્યનાં ઉપર્યુક્ત છ અંગો પૈકી ખાસ કરીને સંસ્કરણો પરત્વે જે ગણનાપાત્ર સમાલોચનાઓ પ્રકાશિત થઈ હોય તે પણ આ પ્રસ્તુત સન્દર્ભગ્રન્થનો એક વિષય છે. "ગ્રન્થ અને ગ્રન્થકાર" જેવી એકવેળાની યોજના જેવી તેમ જ પ્રતિવર્ષે પ્રકાશિત થતાં પુસ્તકોનાં અવલોકન માટેની અત્યારની યોજના જેવી ઉપયોગી બાબતો જૈન સમાજે અદ્યાપિ અપનાવેલી જણાતી નથી, તો એ કાર્ય પણ થવું ઘટે.

૧ દા. ત. તિત્થોગાલી પઇણ્ણગ, વિવાહપણ્ણત્તિની ચુણ્ણિ, અમુક અમુક આગમોની સંસ્કૃત ટીકા ઇત્યાદિ.

૨ મારાં બે પુસ્તકો જે અન્યાન્ય સંસ્થાઓ તરફથી પ્રકાશિત થયાં છે તેનાં પરિશિષ્ટો મેં તૈયાર કરી આપ્યાં હતાં છતાં છપાવાયાં નથી તેની મારે ન છૂટકે નોંધ લેવી પડે છે.

૩ દા. ત. ભગવતીસૂત્રનાં વ્યાખ્યાનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમકિત અને તત્ત્વોની વિચારણા

લેખક: શાહ ચતુર્ભુજ જેચંદ

જૈન દર્શનમાં ઓછામાં ઓછાં બે મૂળતત્ત્વોની વિચારણાને અગ્રસ્થાન આપવામાં આવેલ છે. તત્ત્વો નવ અથવા સાત ગણાય છે. પણ તેનો ઓછામાં ઓછાં બે તત્ત્વોમાં સમાવેશ થઈ શકે છે. તે બે તત્ત્વો જીવ અને અજીવ તત્ત્વ, અથવા આત્મા અને પુદ્ગલ, અથવા ચૈતન્ય અને જડ તત્ત્વ. જીવ તત્ત્વનું મહત્વ તેમાં રહેલ આત્મા અથવા ચૈતન્ય તત્ત્વને આભારી છે. પણ જીવાત્મા સાથે અનાદિકાળથી જડ અથવા પુદ્ગલ તત્ત્વ પણ જોડાએલ છે. આ સંસારમાં આત્મા સાથે પુદ્ગલનો સંયોગ ક્યારે થયો તેનું કોઈ આદિત્વ–પ્રથમ શરૂઆત કોઈ પણ તર્કકોટિથી થઈ શકે તેમ નથી. અને સર્વજ્ઞ કેવળીભગવંતની દૃષ્ટિએ પણ તેનું કોઈ આદિત્વ નથી. પુદ્ગલ સંયોગી જીવ અથવા જીવાત્મા અનાદિ કહેવાય છે. સંસારી દરેક જીવને અનંતા પરમાણુ સ્કંધોનું બનેલું પૌદ્ગલીક શરીર હોય છે જ. તે શરીર સ્થૂલ દ્રષ્ટિએ ગમે તેટલું અગોચર હોય, જીવ સૂક્ષ્મ કે બાદર નિગોદનો હોય, પાણીના એક બિંદુ કે રાઈના દાણા કરતા નાના કદમાં ગમે તેટલા અનંતા અસંખ્યાતા જીવોનો સમૂહ સમાવેશ થતો હોય, સાધારણ કે પ્રત્યેક શરીરી હોય, સ્થાવર કે ત્રસ કાયનો હોય, પણ તે દરેકને નાનું મોટું શરીર હોય છે જ. જૈન દર્શનની પરિભાષામાં જીવ સૂક્ષ્મમાં સૂક્ષ્મ એક અંગૂલના અસંખ્યાતમે ભાગે દેહ ધારણ કરે છે. અને ૫૦૦ ધનુષ્ય પ્રમાણ અને તેથી પણ મોટું અમુક ગાઉ સુધીનું મોટું શરીર ધારણ કરી શકે છે. ગમે તેવા નાના કે મોટા શરીરધારી દરેક જીવ આત્મ તત્ત્વની દ્રષ્ટિએ સમાન છે.

જીવાત્માનો પુદ્ગલ સાથેનો સંયોગ અનાદિ હોવા છતાં તે સંયોગિક અથવા વૈભાવિક છે. તે

---

આમ મેં સન્દર્ભગ્રન્થ માટેના વિષયો સૂચવ્યા છે. તેમાં જે કોઈની ખાસ નોંધ લેવી રહી જતી હોય તો તે તજજ્ઞો જણાવવા કૃપા કરે.

**વિજ્ઞપ્તિ**—આજે નહિ તો કાલે પણ પ્રસ્તુત સન્દર્ભગ્રન્થ તો શું પણ દાર્શનિકાદિ સાહિત્ય માટે પણ યોગ્ય પ્રબંધ કર્યા વિના જૈન શાસન અને સાહિત્યનો સમુત્કર્ષ પૂરેપૂરો સધાવાનો નથી જ તો પછી આજથી જ એના શ્રીગણેશ માંડવા માટે અને આસન્નોપકારી શ્રી મહાવીરસ્વામીના નિર્વાણને ૨૫૦૦ વર્ષ પૂરા થાય તે મહાપ્રસંગને યોગ્ય પ્રકાશન દ્વારા વધાવી શકાય તે માટે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, જૈન સાહિત્ય વિકાસ મંડળ અને લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર અને એવી બીજી જે કોઈ સંસ્થા હોય તેના સંચાલક મહાશયોને મારી સાદર પરંતુ સાગ્રહ વિજ્ઞપ્તિ છે.

**લાભ**—પ્રસ્તુત સન્દર્ભગ્રન્થ જો યોગ્ય વિદ્વાન પાસે તૈયાર કરાવી પ્રસિદ્ધ કરાશે તો જૈન આગમિક સાહિત્યના પઠનપાઠન અને સમુચિત સંશોધનનું કાર્ય સુગમ બનશે અને એને વેગ પણ મળશે એટલું જ નહિ પણ આ સાહિત્યનું સાચું અને સંપૂર્ણ મૂલ્યાંકન થવામાં જે નડતરો હશે તે દૂર થશે અને એ કંઈ જેવો તેવો લાભ ન ગણાય. વિશેષમાં આગમિક સાહિત્ય અંગે કેટલું અને કેવું કાર્ય થયું છે અને હવે શું કરવાનું બાકી રહે છે તે પણ જાણી શકાશે.

**ત્રિવિધ પ્રકાશન**—સૌથી પ્રથમ આ સન્દર્ભ-ગ્રન્થ ગુજરાતીમાં પ્રકાશિત થાય અને એમાં જે ન્યૂનતા જણાય તેને લક્ષ્યમાં રાખી એનુ હિન્દી પ્રકાશન કરાય અને અંતમાં અંગ્રેજી પ્રકાશન પણ પ્રસિદ્ધ કરાય તો આ મહાકાર્ય પૂરેપૂરું દીપી ઊઠશે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પૈકી ગમે તે એક ભાષામાં ભલે આ ગ્રન્થ સૌથી પ્રથમ તૈયાર કરાવાય, પરંતુ એના પ્રણેતા બીજી બે ભાષામાં પણ જો સાથે સાથે જ કાર્ય કરતા રહે તેમ હશે તો એનો લાભ મળવામાં અન્ય ભાષાભાષીઓને વધુ સમય આ લાભથી વંચિત રહેવું નહિ પડે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધ સ્વાભાવિક નથી પુદ્‌ગલનો સ્વભાવ જ સંયોગ વિયોગ, મીલન ગલનનો છે. પુદ્‌ગલનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશ પરમાણુ છે. તેવા અસંખ્યાતા અનંતા પરમાણુ પુદ્‌ગલનો સ્કંધ યાને સંયોગ થાય ત્યારે જીવાત્માનું શરીર બને છે.

તેવા જીવ અને અજીવરૂપ બે મૂળતત્ત્વોનો જીવાત્મામાં સંયોગ થવાનુ કારણ શું ? તે સંયોગ શાશ્વત સદાકાળ માટે છે કે કોઈ વખત તે એકબીજાથી તદ્દન છૂટા પડે છે ? આ ઘણા જ મહત્વના પ્રશ્નો છે અને તેના સાચા ઉકેલ, યથાર્થ સમજણમાં આત્મા અને પુદ્‌ગલનું સાચું સ્વરૂપ, અને જીવનનું અંતિમ ભાવિ. પરમ આદર્શ સમજાય છે. જીવનું લક્ષણ ચેતના ચૈતન્ય, જ્ઞાન ઉપયોગ છે. ચેતના શક્તિ, જ્ઞાન અથવા બોધરૂપ ક્રિયા ઉપયોગ ફક્ત જીવમાં છે. જીવ રહિત એટલે આત્મા રહિત કોઈપણ ગમે તેવા વિરાટ પુદ્‌ગલ સ્કંધમાં સ્વયંસ્ફૂરિત જ્ઞાન, ચેતના. ક્રિયા, ઉપયોગ નથી. ઉલટુ આત્મા સાથે જડ પુદ્‌ગલ તત્વના સંયોગથી જીવ જુદા જુદા ભવ શરીર ધારણ તો કરે છે પણ તેમાં કેટલાક પરમાણુ પુદ્‌ગલો એવા પ્રકારના હોય છે કે તેથી જીવાત્માના સ્વયં જ્ઞાનગુણનું આવરણ થાય છે. જ્ઞાનના સ્થાને અજ્ઞાન મિથ્યાત્વ અંધકાર પેદા થાય છે. જીવને શરીર ધારણ કરાવનારા અને અજ્ઞાન વગેરે પેદા કરાવનાર પુદ્‌ગલોના સમૂહને કર્મવર્ગણાના પુદ્‌ગલો કહે છે. પરમાણુ પુદ્‌ગલોમાં કર્મવર્ગણાના પુદ્‌ગલો સૌથી સૂક્ષ્મ અને વિશિષ્ટ પ્રકારના છે અને તેનો આત્માની સાથે સંયોગ અનાદિકાળનો છે. કર્મવર્ગણાના પુદ્‌ગલો જીવને જુદા જુદા, નાના મોટા, રૂપરંગ, શુભ અશુભ, સુખરૂપ, દુઃખરૂપ, મોટા નાના આયુષ્યવાળા દેહ ધારણ કરાવે છે; તેમજ તેના જ્ઞાનાદિક ગુણોનું આચ્છાદન કરે છે, જીવને સાચી દ્રષ્ટિ પામવા દેતા નથી, કામ ક્રોધાદિક, રાગદ્વેષ જનિત જુદા જુદા મોહમાં ભમાવે છે અને તેને પરમ શાંતિ સમભાવ પ્રાપ્ત થવા દેતા નથી તથા તેની સ્વાભાવિક શક્તિમાં અંતરાય નાખે છે. જીવને દેહ ધારણ માટેના પુદ્‌ગલોના સમૂહને અઘાતિ કર્મ કહે છે. અઘાતિ એટલા માટે કે તેનાથી જીવ જુદા જુદા દેહ શરીર ધર્મો અનુભવવા છતાં આત્માના જ્ઞાનાદિક સ્વાભાવિક ગુણોનો તે ઘાત કરતા નથી. જ્યારે જીવના જ્ઞાનાદિક ગુણોના ઘાત આચ્છાદન કરનારા, તેને મોહગ્રસ્ત પ્રમાદી શક્તિહીન કરનારા કર્મના પુદ્‌ગલોને ઘાતિકર્મના પુદ્‌ગલો કહે છે. તે બંને પ્રકારના કર્મના પુદ્‌ગલોનો સૂક્ષ્મ સમૂહ કાર્મણવર્ગણાના પુદ્‌ગલો તરીકે ઓળખાય છે. જીવને તે અનાદિકાળથી વળગેલા છે, ભવાંતરમાં પણ તે સાથે જ જાય છે અને જીવ તેનાથી સર્વથા મુકત થાય નહિ ત્યાં સુધી સંસારમાં ભવભ્રમણ ચાલુ રહે છે. જીવાત્માને શરીરાદિક પુદ્‌ગલોનો સંયોગવિયોગ થયા કરે છે તે સહેલાઈથી જોઈ તેમજ સમજી શકાય છે. તેવી જ રીતે જીવાત્માના ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાદિક ગુણનું આવરણ કરનારા કર્મનો સંયોગ એટલે બંધ અને સત્તા, તથા વિયોગ એટલે કર્મના ઉદયાદિકરણ દ્વારા વિચ્છેદ–ક્ષય થાય છે. પણ તે શરીરાદિ પુદ્‌ગલો માફક સ્થૂલ દ્રષ્ટિ ગોચર થતાં નથી પણ અનુમાન અને તેના પ્રભાવ દ્વારા જોઈ સમજી શકાય છે. અત્યંત ગાઢ મોહનીયાદિક કર્મના પ્રભાવે જીવ પોતાના શુદ્ધ સ્વરૂપી આત્માને અંશમાત્ર પણ સમજી શકતો નથી અને સંસાર ચક્રમાં અનંતકાળ સુધી ભવભ્રમણ કરે છે અને પ્રાયઃ અનંતુ દુઃખ અને ઘણું અલ્પ સુખનો અનુભવ કરે છે.

પણ આ સંસારમાં ભવ્ય જીવાત્માને અનંતા દુઃખમય અને અલ્પ સુખમય સંસાર ભ્રમણમાંથી છૂટવાને અતિ અજાયબ પણ કાળલબ્ધીરૂપ કુદરતી ન્યાય ક્રમે ક્રમે કામ કરે છે. જેનો સંયોગ તેનો વિયોગ એ ન્યાય નિયમ અન્ય પુદ્‌ગલોની માફક કર્મના પુદ્‌ગલોને પણ લાગુ પડે છે. એટલે અનાદિ કાળથી સૂક્ષ્મ અને બાદર નિગોદ, સાધારણ અને પ્રત્યેક કાય સ્થાવર અને ત્રસ, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જાતિ, તીર્યંચ, નારક, મનુષ્ય, દેવગતિમાં અનંતકાળ અનંતિવાર ભવભ્રમણ કરતાં કરતાં જીવને એક એવો કાળ–સ્થિતિ આવે છે કે જીવાત્માને તેનામાં મૂળભૂત રહેલા જ્ઞાનાદિક ગુણોનો પ્રકાશ મળે છે. તેના પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણામે જ્ઞાનાદિક ગુણોનું આવરણ કરનારા મોહનીયાદિ કર્મનો બંધ-સંયોગ ધીમે ધીમે ઓછો થઈ સર્વથા બંધવિચ્છેદ થાય છે, અને કર્મનો ધીમે ધીમે વિયોગ -નાશ થતાં થતાં સર્વથા ક્ષય થાય છે ત્યારે જીવને સર્વ દ્રવ્યપર્યાયનું સંપૂર્ણ લોકાલોક પ્રકાશસમય જ્ઞાન -કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે; અને આયુષ્યના અંતે શરીરથી સર્વથા મુક્ત થઈ સિદ્ધ દશા, સિદ્ધ પદ, પરમાત્મ પદ, મોક્ષ પ્રાપ્ત કરે છે. ભવ્ય જીવમાત્રનું એ પરમ ધ્યેય, પરમ આદર્શ, શાશ્વત સુખરૂપ વિશ્રામ સ્થાન છે.

પણ સંસાર ભ્રમણ કરાવનાર કર્મથી સર્વથા મુક્ત એવું મોક્ષપદ-સિદ્ધિપદ જીવ કેવી રીતે પ્રાપ્ત કરે તે વિચારણાનો મુખ્ય વિષય છે. જીવમાં રહેલો આત્મા તેના સ્વભાવે જ શુદ્ધ જ્ઞાનસ્વરૂપી ઉર્ધ્વગતિશીલ છે. પણ જીવન વિકાસક્રમની અત્યંત પ્રાથમિક ભૂમિકામાં આત્માદિ તત્વોનું તેને કાંઇ પણ ભાન નહિ હોવાથી અને દેહાધ્યાસી આહારાદિ સંજ્ઞાયુક્ત ગાઢ મિથ્યાત્વ હોવાથી નિગોદ તીર્યંચાદિક અનેક નીચ ગતિ જાતિમાં તે અનંતકાળ પરિભ્રમણ કરે છે. છતાં તેને કોઈ કોઈ એવા નિમિત્ત સંયોગ પ્રાપ્ત થતાં રહે છે કે પૂર્વ પૂર્વની અપેક્ષાએ તે કાંઇક પ્રગતિ વિકાસ કરતો રહે છે. અને મિથ્યાત્વનું ગાઢ આવરણ ઓછું થતું જાય છે. ઘણી ઘણી ચડતી પડતી થવા છતાં જીવ જો ભવ્ય કોટિનો હોય તો એટલે મોક્ષ પ્રાપ્તિ સિદ્ધિપદને યોગ્ય હોય તો એક કાળ એવો આવે છે કે તેને દેહથી ભિન્ન એવા આત્માની કાંઈક ઝાંખી, દર્શન, અલ્પ સમજ થાય છે. અને મિથ્યાત્વનું પ્રાયઃ મોહનીયકર્મનું ગાઢ આવરણ કાંઇક ઓછું થાય છે. અત્યત રાગદ્વેષ, મોહ-મમતા, ક્રોધ લોભ, વિષય કષાય કાંઈક ઓછા થાય છે. અત્યંત હિંસા, પરિગ્રહ મૈથુનભાવ મંદ પડે છે. ધર્માભિમુખ થવા છતાં, ધર્માચરણ કરવા છતાં તેનો ભાવ શરૂઆતમાં આધ્યાત્મિક નહિ પણ પૌદ્ગલિક એટલે આ ભવ પરભવના સુખ માટે હોય છે. લોક વ્યવહારમાં ન્યાય નીતિ સદાચાર વગેરે માર્ગાનુસારપણાના ગુણો પ્રાપ્ત કરે છે આ સ્થિતિ આત્મ જાગૃતિની પૂર્વ ભૂમિકારૂપ છે. આ સ્થિતિમાં પણ જીવ અનંતકાળ પસાર કરે છે. તે પછી કોઇ એવો સુયોગ પ્રાપ્ત થાય છે કે જેથી જીવને વિશેષ આત્મ જાગૃતિ, આત્માના સાચા સ્વરૂપનું અંતિમ ધ્યેયનું ભાન પરિણામ થાય છે.

જીવ જુદી જુદી ગતિ જાતિ અને અનેક યોનિમાંથી અનંતીવાર પસાર થાય છે. પણ પ્રથમ આત્મ જાગૃતિ અથવા સમ્યક્ત્વની પ્રાપ્તિ તો તેને મનુષ્ય ગતિમાં જ પ્રાપ્ત થાય છે. સર્વ પ્રકારના જીવોમાં મનુષ્યો સૌથી ઓછાં છે અને અનંતકાળ ભવ-ભ્રમણમાં મનુષ્યભવની પ્રાપ્તિ સૌથી ઓછો વખત મળે છે. છતાં મનુષ્યદેહ તો અનંતીવાર મળે પણ તેમાં ધર્મપ્રાપ્તિ અને સમ્યક્ત્વપ્રાપ્તિના સંયોગો ક્વચિત જ મળે છે. તેથી શાસ્ત્રમાં મનુષ્યભવની પ્રાપ્તિ સાથે બોધિદુર્લભત્વ કહ્યું છે. આ ભવ પરભવના પૌદ્ગલિક સુખપ્રાપ્તિ અર્થે થતાં ધર્માનુષ્ઠાનો ન્યાય નીતિ સદાચાર વગેરે મનુષ્ય દેવાદિક ઉચ્ચ ગતિના સુખ પ્રાપ્ત કરાવે. પણ તે આત્મલક્ષી ન હોય તો સંસારભ્રમણમાંથી મુક્ત કરાવી શકે નહિ. એક વાત સમજવી જોઇએ કે જીવના અનંતકાળ ભવભ્રમણોમાં મનુષ્ય અને દેવગતિમાં તેને જે સુખ મળે તે અલ્પકાલીન નાશવંત છે. અને કદી સંપૂર્ણ સુખ હોતું નથી. સંસારનું સુખ દુઃખમિશ્રીત હોય છે અને તેવા સુખમાં દેવ કે મનુષ્ય વધારે પડતો લુબ્ધ આસક્ત-મોહિત થાય તો ભવાંતરમાં તેનું એવું કારમું પતન થાય છે કે ઘણા ભવો સુધી તે દેવ કે મનુષ્યગતિના સુખ પણ પામતો નથી. એટલે જ આ સંસારથી મુક્ત થઈ મોક્ષનું શાશ્વત સુખ પ્રાપ્ત કરવું તે ધર્માભિલાષી દરેક મનુષ્યનો પરમ આદર્શ હોવો જોઇએ. જ્યાંથી કદી આ સંસારમાં પાછા ફરવાનું નથી તેવા સકળ કર્મ મુક્તજીવન-મોક્ષમાર્ગની પ્રાથમિક ભૂમિકા તે સમ્યક્દર્શન યાને સમકિતની પ્રાપ્તિમાં રહેલી છે, તે સમ્યક્દર્શનનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિ ઉપર મુખ્ય વિચાર કરવાનો રહે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# दीक्षित देवदत्त रचित संमेत शिखर माहात्म्य

—ले० श्री अगरचन्द नाहटा

"श्री जैन धर्म प्रकाश" के गत १५ अक्टूबर के अंक में प्रो. हीरालाल कापड़िया का "संमेत शैल संबंधी सामग्री" नामक शोधपूर्ण लेख प्रकाशित हुआ है। जो एक सामयिक और महत्वपूर्ण प्रयत्न है। उसमें दीक्षित देवदत्त रचित संमेतशिखर माहात्म्य के संबंधमें दो प्रश्न उपस्थित किये हैं कि यह संस्कृत में होगा क्या यह जैन कृति है? वास्तव में यह ग्रन्थ संस्कृत में ही है जैसी कि श्री कापड़ियाजीने सम्भावना की है। उनका यह प्रश्न कि क्या यह जैन कृति है? मेरे ख्याल से इस रूप में होना चाहिये था कि दीक्षित देवदत्त नाम और गोत्र के लिहाज़ से ब्राह्मण होने के नाते जैन नहीं होंगे। कृति तो जब संमेत शिखर–जैन तीर्थ के संबंध में लिखी गई है तो जैन है ही। उसके रचयिता जैन है या नहीं? यह ही प्रश्न हो सकता है।

देवदत्त दीक्षित की एक और रचना "श्री स्वर्णाचल-महात्म्य" हिन्दी अनुवाद के साथ श्री दिगम्बर जैन सिद्धक्षेत्र, स्वर्णागिर की ओर से सन् १९४८ में प्रकाशित हो चुकी है। उसके अन्तमें जो प्रशस्ति व पुष्पिका है उससे इस संबंधमें महत्त्व की जानकारी मिलती है। मूल संघ, बलात्कार गण, कुन्दकुन्दान्वय, की भट्टारक परंपरा की नामावली देते हुये लिखा है कि भट्टारक विश्वभूषण के पट्टाभरण श्री ब्रह्महर्षसागर के आत्मज भट्टारक जिनेन्द्रभूषण के उपदेश से दीक्षित देवदत्तने इस स्वर्णाचल माहात्म्य की रचना की।

श्री ब्रह्महर्षसिन्धोश्च तनूजो धर्मविक्रमः।
जिनेन्द्रभूषणः श्रीमद्भट्टारकपदे स्थितः ॥५४॥
ज्ञानवान्गुणवांस्तद्वद्दयीवानतिपुण्यवान्।
विराजते सदा भव्यजनैः संपरिवारतः ॥५५॥
कालिन्दीकूल बहुधा वित्तव्य बलात्किल।
निर्माप्य चैत्यभवनं स्थितः सद्धर्मसंमुखः ॥५६॥
तदा ज्ञातः ह्यद्देरस्थ देवदत्त कवीशिना।
कान्यकुब्जकुलोद्भूत दीक्षितेन सुबुद्धिना ॥५७॥
दयापरेण हिंसादिरहि तेन ह्यदापि वै।
जैन शासन प्रामाण्यकरणोन्मुख भाविना ॥५८॥
श्री स्वर्णाचल माहात्म्यं यथावद्रचितं मया।
पठनीयं भव्यजीवैः श्रोतव्यं भक्तिभावतः ॥५९॥

पुष्पिका—

इति श्री आचारांगे श्रीभगवत्कुन्दकुन्दाचार्यानुक्रमेण श्री भट्टारक कविश्वभूषण तत्पट्टाभरण श्री ब्रह्महर्षसागरात्मज श्री भट्टारक जिनेन्द्रभूषणोपदेशाच्छ्रीमद्दीक्षित देवदत्त कृते श्री स्वर्णाचल माहात्म्ये माहात्म्य फल सूचनो नाम षोडशोऽध्यायः ॥ १६ ॥

स्वर्णाचल माहात्म्यम् संपूर्णम्।
संवत १८४५ मार्ग सित ४

संमेत शिखर माहात्म्य की रचना भी संवत् १८४५ में ही हुई है। दिगम्बर ढोलियों का मन्दिर, जयपुर में इसकी संवत् १८४८ की लिखी हुई प्रति है। इसके प्रारम्भमें श्री जिनेन्द्रभूषण का उल्लेख है। अन्त की प्रशस्ति में भट्टारक धर्मकीर्ति के पट्टधर का भी उल्लेख है। रचनाकाल सूचन पद्य इस प्रकार है—

वाणवर्द्धि गजे दौ श्री विक्रमाद्गत वत्सरे।
भाद्रे कृष्ण दले तिथ्या दशम्या गुरुवासरे ॥ १०३
पुण्य मे देवदत्तेन सुविना सुम बुद्धिना।
श्री मत्संमेद माहात्म्ये पूर्णि कृत बुधा ॥१०४

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

अष्टादश शतै रम्य श्लोक संख्या प्रगीयते।
स नवैः सादरं धीरां अंगी कुर्वम् भावतः ॥१०५

जिस प्रकार आजकल हमारे आचार्य और मुनियों के पास न्याय, व्याकरण आदि को पढाने के लिये ब्राह्मण पंडित रहते हैं वैसे ही दि० भट्टारकों के यहां भी ब्राह्मण विद्वान् रहा करते थे। अधिक परिचय व सम्पर्क से उनका झुकाव जैन धर्म के प्रति हो जाता था। देवदत्त दीक्षित भी ऐसे ही विद्वान् लगते हैं।

श्री कापड़ियाने जिनेन्द्रभूषण के संमेत शिखरी विलास का उल्लेख किया है संभव है वह रचना भी देवदत्त वाली हो। क्योंकि देवदत्तने उपरोक्त माहात्म्य जिनेन्द्रभूषण के सम्पर्क में रहते हुयें बनाया है। श्री कापड़ियाने टिप्पणीमें लोहाचार्य और गंगादास के संमेत सिहरो विलास को प्राकृत की रचना मानी है पर वह प्राकृत में शायद ही हो। गंगादास-रचित संमेताचल पूजा तो संस्कृतमें प्राप्त है। लोहाचार्य की मूल रचना तो मेरे देखनेमें नहीं आई पर मनसुखलालने उसकी भाषा टीका १९ वीं शताब्दी में बनाई है। इनके अतिरिक्त संमेत शिखर माहात्म्य लालचन्दने संवत् १८४२ में हिन्दी में बनाया। संमेत शिखर विलास केसरी-सिंहने और देवा ब्रह्मने बनाया है। दि० भण्डारों में इन सब हिन्दी रचनाओं की प्रतियां प्राप्त है और एक-दो रचना तो छपी हुई भी देखने को मिली थी। संमेत शिखर संबंधी कापड़िया उल्लिखित साहित्य के अतिरिक्त और भी कई रचनायें प्राप्त है दयारूचि के संमेत शिखर रास का उन्होंने उल्लेख किया है. उसके रचित संमेत शिखर पूजा भी प्राप्त है। और भी कई रचनायें हमारे संग्रह में है जिन पर भी कभी प्रकाश डाला जायेगा। संमेत शिखर की यात्रा का विवरण तो मैंने अनेकान्त में कई वर्ष पूर्व मैंने प्रकाशित किया था।

## પુસ્તક પરિચય

(૧) કલિકાલસર્વજ્ઞ-શ્રીમદ્-હેમચન્દ્રાચાર્ય વિરચિત : "અભિધાન ચિન્તામણિ કોશઃ" વિવેચનકાર-આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી. પ્રાપ્તિસ્થાનઃ-સરસ્વતી પુસ્તક ભંડાર, ઠે૦ હાથીખાના, રતનપોળ-અમદાવાદ.

આ ગ્રંથના ભાષાંતરમાં ઘણા ગ્રંથોના તેમ જ વ્યાકરણોના અર્થોને ખ્યાલમાં રાખી કેટલાક પર્યાય-વાચક શબ્દોના ગુજરાતી ભાષામાં સહેલાઈથી સમજી શકાય તેવી રીતે અર્થો આપ્યાં છે. સંસ્કૃતના અભ્યાસીઓને આ ગ્રંથ ખૂબ ઉપયોગી થશે. વળી ગુજરાતી શબ્દો ઉપરથી સંસ્કૃત શબ્દો જાણવા માટે ગુજરાતી અનુક્રમણિકા આપેલ છે. કિંમત રૂા. ૧૦-૦૦

(૨) જીવન જાગૃતિ (કલ્યાણના ૨૧મા વર્ષની ભેટ). વ્યાખ્યાનકાર-પૂ. મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ. પ્રાપ્તિસ્થાનઃ-શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ, વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર). કિંમત રૂા. ૨-૦૦

અમદાવાદ ખાતે ચૈત્ય પરિપાટીના શુભ પ્રસંગે આપેલ પંદર જાહેર પ્રવચનોનું મનનીય અને સારભૂત અવતરણ આ પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલ છે. વ્યાખ્યાનની ભાષા શૈલી એકંદર આકર્ષક છે. વર્તમાન પ્રવાહના અનેક પ્રશ્નોને નજર સમક્ષ રાખીને મુંઝાતા માનવોને ધર્મના કલ્યાણકારી માર્ગે વાળવા આ પ્રવચનોમાં સુંદર વિષયો ચર્ચાયા છે.

( અનુસંધાન ટાઈટલ પેજ ૨ જા ઉપર )

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only